નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણની કચેરીમાં
કરાર આધારિત કાયદા અધિકારી(વર્ગ.૨)ની
એક જગ્યા રૂ.૨૫૦૦૦/- ના માસિક ફીકસ પગાર
થી ૧૧માસ માટે ભરવા અંગેની પધ્ધતિ નકકી
કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃમકમ/૧૧૨૦૧૫/૮૪૨૩૮૬/અ,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨૮ /૭/૨૦૧૬
28 JUL 2016

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૪/૨૦૧૬નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૪/૬/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ વિજાક/ મકમ/ ૨૦૧૬-૧૭/૧૧૦૬.

આમુખઃ-

વંચાણે લીધા ક્રમાંક(૧) માં દર્શાવેલ તા.૨૬/૪/૨૦૧૬ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતિ જાતી કલ્યાણની વડી કચેરીમાં કરાર આધારિત કાયદા અધિકારી(વર્ગ.૨) ની એક જગ્યા ઉભી કરવા માટેની વહિવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક(૨) માં દર્શાવેલ નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના તા.૨૪/૬/૨૦૧૬ના પત્રથી કાયદા અધિકારી(વર્ગ.૨) ની એક જગ્યા રૂ.૨૫,૦૦૦/-ના ફીકસ પગારથી ૧૧ માસ માટે કરાર આધારીત ભરવા માટેની વિભાગ કક્ષાની સમિતિની રચના તેમજ કાયદા અધિકારીની જગ્યા માટે જરૂરી લાયકાતોનું ધોરણ નકકી કરવા અને મેરીટ પધ્ધતિ ને મંજૂર કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

નિયામકશ્રી, વિકસતિ જાતી કલ્યાણની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે કાયદા અધિકારી(વર્ગ.૨) ની કરાર આધારીત માસિક રૂ.૨૫,૦૦૦/- ના ફીકસ પગારે ૧૧ માસ માટે એક જગ્યા ભરવા માટેની પધ્ધતિ નીચે મુજબ નકકી કરવામાં આવે છે.

૧. કાયદા અધિકારીની નિમણૂંક માટેની વિભાગ કક્ષાની સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશેઃ-

| | | |
|---|---|---|
| (૧) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી(સા.ન્યા.) | અધ્યક્ષશ્રી |
| (૨) | અધિક/સંયુકત/નાયબ સચિવશ્રી(વિ.જા.ક) | સભ્યશ્રી |
| (3) | નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ | સભ્ય સચિવશ્રી |

૨. **સમિતિની સત્તાઓ:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ પછાત વર્ગોની અનામત નીતિ, જાતિ પ્રમાણપત્રો, ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના અનુદાન, સર્વિસ મેટર્સ, માન્યતા અંગેના કેસોનો અનુભવ ધરાવતા કાયદા નિષ્ણાતના અનુભવને તેમજ સીવીલ કેસના કાયદા નિષ્ણાતને, સંજોગો અનુસાર અગ્રતા આપવામાં આવશે.

(૨) અનુભવની બાબતમાં સંજોગો અનુસાર છુટછાટ આપવામાં આવશે.

(3) લાયક ઉમેદવાર ન મળવાના કિસ્સામાં આ પસંદગી પ્રક્રિયા બંધ કરવાની તેમજ ફરી જાહેરાત પ્રસિધ્ધ કરી કાર્યવાહી કરવાની આ સમિતિને સત્તા રહેશે તેમજ આ પ્રક્રિયા બાબતે આખરી નિર્ણય લેવાનો સમિતિનો અબાધિત અધિકાર રહેશે.

(૪) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોનું મૌખિક ઇન્ટર્વ્યુ અને ઉમેદવારોની પસંદગી કરવાની તમામ સત્તાઓ સમિતિ પાસે રહેશે.

3. **કરાર આધારિત લીગલ ઓફીસરને નિમવા નીચે મુજબની લાયકાતો નક્કી કરવામાં આવેલ છે:-**

(૧) કેન્દ્ર અથવા રાજયના કાયદા હેઠળ સ્થપાયેલ યુનિવર્સિટીના અથવા યુ.જી.સી એકટ, ૧૯૫૬ હેઠળ જાહેર થયેલ ડીમ્ડ યુનીવર્સિટીના કાયદાના સ્નાતક/અનુસ્નાતક કે તેનાથી ઉપરની પદવી ધરાવતા હોવા જોઇએ અને સનદ રજુ કરવાની રહેશે.

(૨) ઉપલી વય મર્યાદા ૫૫ વર્ષ રહેશે. એટલે કે ૫૫ વર્ષની વય સુધીના ઉમેદવારો અરજી કરી શકશે.

(3) બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોંધાયેલ (એનરોલમેન્ટ) હોવાનું પ્રમાણપત્ર કે આધાર વકીલ માટે જરૂરી રહેશે.

(૪) ગુજરાતી અને અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ અનિવાર્ય રહેશે.

(૫) કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન ધરાવતા હોવા જોઇશે

(૬) નામ.ગુજરાત હાઇકોર્ટ/જિલ્લાકોર્ટમાં એડવોકેટ તરીકે ઓછામાં આછા પાંચ વર્ષથી સક્રીય હોવા જોઇશે.

(૭) કેસો બાબતે કરેલ ગંભીર બેદરકારી, ગેરવર્તણૂંક કે કપટના કિસ્સામાં કાયદા સલાહકારશ્રી સામે તેમની નિમણૂંકની સમાપ્તિ થયા પછી પણ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ કાનુની પગલાં લઇ શકશે.

**૪. લીગલ ઓફીસરની નિમણૂંક માટેનું મેરીટ તૈયાર કરવાની પધ્ધતિ :-**

| ક્રમ | લાયકાત | ગુણનો ભાર |
|---|---|---|
| (૧) | કાયદા સ્નાતકની પદવીમાં મેળવેલ ટકાવારીના આધારે ૪૦% વેઇટેજ મુજબ ગુણ ફાળવવા (મહત્તમ ૪૦ ગુણ) | મેળવેલ ટકા X ૪૦/૧૦૦ |
| (૨) | કાયદા અનુસ્નાતક/પી.એચ.ડી. (કાયદા સ્નાતક કરતા વધારાની ફક્ત LAW ને લગતી લાયકાત માટે) જે લાયકાતમાં વધુ ટકાવારી હોય તે મેળવેલ ટકાવારીના આધારે ૧૫ % ના વેઇટેજ મુજબ ગુણ ફાળવવા (મહત્તમ ૧૫ ગુણ) | મેળવેલ ટકા X ૧૫/૧૦૦ |
| (૩) | એક વર્ષના અનુભવ માટે ૦૧ ગુણ લેખે (મહત્તમ ૩૦ ગુણની મર્યાદામાં તેમજ અપુર્ણાંકના કિસ્સામાં ૬ માસથી વધુ હોય તો ગુણ ફાળવવો) અનુભવ બાબતે હાઇકોર્ટ કે તેથી ઉપરની કોર્ટમાં ધારાશાસ્ત્રી તરીકેનો એટલે કે વકીલાતનો પ્રત્યક્ષ અનુભવ જ ધ્યાને લેવામાં આવશે તેમજ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં નોંધણી તારીખથી અનુભવની ગણતરી કરવામાં આવશે. | મહત્તમ ૩૦ ની મર્યાદામાં |